Wednesday
11.09.2024
✻Volume :9 ✻ Issue No.55
✻Email.:kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✻Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-

શરૂ કરવામાં આવેલી 'I4C'ની ચાર મુખ્ય પહેલ સાયબર અપરાધ સામેની લડાઈને વધુ મજબૂત, અસરકારક અને સફળ બનાવવામાં મોટું યોગદાન આપશે:કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં મુખ્ય અતિથિ તરીકે I4Cના પ્રથમ સ્થાપના દિવસની ઉજવણીને સંબોધન કર્યું, સાયબર અપરાધને અટકાવવા માટે મોટી પહેલોનો શુભારંભ કર્યો

સિક્યોર્ડ સાયબર સ્પેસ અભિયાન હેઠળ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પહેલ પર શરૂ કરવામાં આવેલી I4C આજે દેશની સાયબર સુરક્ષાનો એક મજબૂત સ્તંભ બની ગઈ છે

૫ વર્ષમાં લગભગ ૫ હજાર સાયબર કમાન્ડો તૈયાર કરવામાં આવશે

સાયબર સુરક્ષા માત્ર ડિજિટલ વિશ્વ પૂરતી મર્યાદિત નથી પરંતુ તે રાષ્ટ્રીય સુરક્ષાનું એક મહત્વપૂર્ણ પાસું છે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં મુખ્ય અતિથિ તરીકે ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)ના પ્રથમ સ્થાપના દિવસ કાર્યક્રમને સંબોધન કર્યુ હતુ અને સાયબર અપરાધને અટકાવવા માટેની મુખ્ય પહેલોનો શુભારંભ કર્યો હતો.ગૃહ મંત્રીએસાયબર ફ્રોડ મિટિગેશનસેન્ટર (સીએફએમસી) દેશને સમર્પિત કર્યુ હતુ અને સમન્વય પ્લેટફોર્મ (જોઈન્ટ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ફેસિલિટી સિસ્ટમ)નો શુભારંભ કર્યો હતો. શ્રી અમિત શાહે 'સાયબર કમાન્ડો' કાર્યક્રમ અને સસ્પેક્ટ રજિસ્ટ્રીનું પણ ઉદઘાટન કર્યુંહતું. કેન્દ્રીય ગૃહ મંત્રીએ I4C ના નવા લોગો, વિઝન અને મિશનનું અનાવરણ પણ કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી બંડીસંજય કુમાર, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી ગોવિંદ મોહન, આઈબીના ડિરેક્ટર, વિશેષસચિવ (આંતરિક સુરક્ષા), મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશક/વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિતપ્રદેશોના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, વિવિધ સરકારી સંસ્થાઓના અધિકારીઓ, વિવિધ સરકારી સંસ્થાઓના અધિકારીઓ, વિવિધ બેંકો/નાણાકીય મધ્યસ્થીઓના વરિષ્ઠ અધિકારીઓ, ફિનટેક, મીડિયા, સાયબર કમાન્ડો, એનસીસી અને એનએસએસ કેડેટ્સઉપસ્થિત રહ્યા હતા. પોતાનાં સંબોધનમાં શ્રી અમિતશાહે ભારપૂર્વકજણાવ્યું હતું કે, ૪જની સ્થાપના વર્ષ ૨૦૧૫મા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રમોદીનીપહેલ પર 'સેફ સાયબર સ્પેસ' અભિયાન હેઠળ થઈ હતી, ત્યારથી લઈને અત્યાર સુધી તે સાયબર સિક્યોર્ડ ઈન્ડિયાનો મજબૂત આધારસ્તંભ બનવા તરફ સતત આગેકૂચ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૫થી વર્ષ ૨૦૨૪ સુધીની ૯ વર્ષની સફર માં આ વિચાર એક પહેલમાં પરિવર્તિત થયો હતો અને પછી એક સંસ્થામાં પરિવર્તિત થયો હતું અને હવે તેસાયબર સિક્યોર્ડ ઈન્ડિયાનો મોટો આધાર સ્તંભ બનવા તરફઆગેકૂચ કરીરહ્યોછે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે સાયબર સુરક્ષાવિના કોઈપણ દેશનોવિકાસ અશક્ય છે. તેમણે કહ્યું હતુ કે, ટેકનોલોજી માનવજીવન માટે આશીર્વાદરૂપસાબિત થાયછે અને અત્યારે ટેકનોલોજીનો ઉપયોગ તમામ નવી પહેલોમાં વ્યાપકપણે થઈ રહ્યો છે. તેમણે કહ્યું હતુ કે, ટેકનોલોજીનો લક્ષતજતાં ઉપયોગ અનેક જોખમો પણ સર્જી રહ્યો છે અને એટલેજ સાયબર સુરક્ષા હવે ડિજિટલ દુનિયા પૂરતી મર્યાદિત નથી રહી પણ રાષ્ટ્રીય સુરક્ષાનું મહત્વપૂર્ણ પાસુંપણ બનીગયું છે. શ્રી શાહેજણાવ્યું હતુંકે, I4C જેવા પ્લેટફોર્મ આ પ્રકારનાં જોખમોનો સામનો કરવામાં મોટું પ્રદાન કરી શકે છે. તેમણે I4C ને જાગૃતિ, સંકલન અને સંબંધિત હિતધારકો સાથે સંયુક્ત પ્રયાસો ચાલુ રાખવા અપીલ કરીહતી. ગૃહ મંત્રીએ કહ્યું કે કોઈ એક સંસ્થા એકલા હાથે સાયબર સ્પેસને સુરક્ષિત ન રાખી શકે. આ ત્યારે જ શક્ય છે જ્યારે ઘણા હિસ્સેદારો એક જ પ્લેટફોર્મ પર આવેછે અને તે જ પદ્ધતિ અને માર્ગ પર આગળ વધે છે. શ્રી અમિતશાહે જણાવ્યુંહતું કે, આજે અહીંI4C નાંચાર મુખ્ય સાયબર પ્લેટફોર્મનો પણશુભારંભ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતુ કે, સાયબર ફ્રોડ મિટિગેશન સેન્ટર (સીએફએમસી) પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું વિઝન હતું, જેની આજે શરૂઆત કરવામાંઆવી છે. તેમણે જણાવ્યું હતુ કે, આ સાથે સાયબર કમાન્ડો, સમન્વય પ્લેટફોર્મ અને સસ્પેક્ટ રજિસ્ટ્રીનું પણ આજે ઉદઘાટન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતુ કે, ભારત જેવા વિશાળ દેશમાં દરેક રાજ્ય માટે અલગ સાયબર શંકાસ્પદ રજિસ્ટ્રી રાખવાથી કોઈહેતુ સર નહીં થાય, કારણકે રાજ્યોની પાસની સરહદો હોયછે, પણસાયબર ગુનેગારોને કોઈ સીમા હોતી નથી. તેમણે જણાવ્યું હતુ કે, સાયબર ક્રાઈમ સામે લડવા માટે એક કોમન પ્લેટફોર્મઊભું કરવામાટે રાષ્ટ્રીય સ્તરે સસ્પેક્ટ રજિસ્ટ્રી બનાવવી અને રાજ્યોને તેની સાથે જોડવાની સમયની માંગ છે. શ્રી શાહે ઉમેર્યું હતુ કે, આ પહેલથી આગામી દિવસોમાં સાયબર અપરાધોની સમસ્યાનું સમાધાન કરવામાં આપણને ઘણી મદદ મળશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતુ કે આજથી I4C પણ જન્મજાગૃતિ અભિયાનશરૂકરી રહ્યુંછે. તેમણે જણાવ્યું હતુ કે, દેશમાં ૭૨થી વધારે ટીવી ચેનલો, ૧૮૦ રેડિયો એફએમ ચેનલો, સિનેમાહોલ અને અન્ય ઘણાં પ્લેટફોર્મ મારફતે આ અભિયાનને વેગઆપવાનો પ્રયાસ કરવામાં આવશે. તેમણે કહ્યુંકે જ્યાં સુધી પીડિતાને સાયબર ક્રાઈમથી બચવાની ખબર ન પડે ત્યાંસુધી આ અભિયાન સફળથઈ શકશે નહીં. શ્રી શાહેજણાવ્યું હતુંકે, સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ અને I4C નાં અન્ય પ્લેટફોર્મ વિશે જાગૃતિ ફેલાવવાથી તેની ઉપયોગિતા વધશે અને આપણને સાયબર અપરાધો અટકાવવામાં મદદ મળશે. ગૃહ મંત્રીએ તમામ રાજ્ય સરકારોને આ અભિયાનમાં જોડાવા અને ગામડાઓ અને શહેરોમાં જાગૃતિ ફેલાવવા વિનંતી કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતામંત્રીએ જણાવ્યુંહતું કે બ્રેક્ષો, નાણાકીય સંસ્થાઓ, ટેલિકોમ કંપનીઓ, ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ અને પોલીસને એક જ પ્લેટફોર્મ પર લાવવાના વિચાર સાથે સીએફએમસીનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં સાયબર ક્રાઈમને અટકાવવા માટેનું આ એક મોટું પ્લેટફોર્મબનીજશે.તેમણે કહ્યું કે સીએફએમસીએ વિવિધ ડેટાનો ઉપયોગ કરીને સાયબર ગુનેગારોની મોડસ ઓપરેન્ડી (અમ્બઓ) ઓળખવા અનેતેને રોકવા માટે કામ કરવુંજોઈએ. શ્રીશાહે જણાવ્યું હતું કે, સાયબર કમાન્ડો કાર્યક્રમ અંતર્ગત૫ વર્ષમાં આશરે૫ હજાર સાયબર કમાન્ડો તૈયાર કરવાનો લક્ષ્યાંક નિર્ધારિતકરવામાં આવ્યો છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતુ કે, 'જાણવું જરૂરી છે'ને બદલે 'વર્ક ચણી કરવાની ફરજ' એ સમયની માંગ છે અને આ માટે સમાન્ય મંચથી વધુ અસરકારક બીજું કશું ન હોઈ શકે.. તેમણે ઉમેર્યું હતું કે, સમન્વય પ્લેટફોર્મને ડેટા-સંચાલિત અભિગમ સાથે આગળ વધારવામાંઆવ્યું છે અને દેશમાં શેર ડેટા રિપોઝિટરી બનાવવાનો આ પ્રથમ પ્રયાસ છે. ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, આજે શરૂકરવામાં આવેલીચાર પહેલોને I4C અનેદેશભરની પોલીસેસાથે મળીને હાથધરીછે, તેઓસાયબર ક્રાઈમ સામેની લડાઈને વધુ મજબૂત, અસરકારક અને સફળ બનાવવામાં મોટુંયોગદાન આપશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે દેશમાં ૩૧ માર્ચ ૨૦૧૪ના રોજ ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યા ૨૫ કરોડ હતી,જે ૩૧માર્ચ ૨૦૨૪ના રોજ ૯૫ કરોડછે. તેમણે કહ્યું કે, ડાઉનલોડિંગ સ્પીડમાં વધારો અને કોસ્ટમાં ઘટાડાને કારણે ડેટાનો વપરાશ પણ ઘણો વધી ગયો છે. તેમણે કહ્યું કે અગાઉ સરેરાશ વપરાશ ૦.૨૬ જીબી હતો જે આજે લગભગ ૭૮ ગણો વધીને ૨૦.૨૭જીબી થયો છે. શ્રી શાહે ઉમેર્યું હતુ કે, ડિજિટલ ઈન્ડિયાની પહેલને કારણે દેશમાં ઘણી સુવિધાઓ ઓન્લાઈન થઈ છે, તેમણે જણાવ્યું હતુ કે, વર્ષ ૨૦૨૪માં ૩૫ કરોડ જન ધન ખાતા, ૩૬ કરોડ રૂપે ડેબિટ કાર્ડ, ૨૦ લાખ ૬૪૦૦૦ કરોડ રૂપિયાની લેવડ-દેવડ ડિજિટલ રીતે થઈછે. તેમણે કહ્યું હતુંકે, અત્યારે દુનિયામાં ૪૬ ટકા ડિજિટલ ટ્રાન્ઝેક્શન વોલ્યુમ ભારતમાં થઈ રહ્યુંછે.

ગૃહમંત્રીએ ઉમેર્યું હતું કે, જ્યારે ડિજિટલ એકાઉન્ટ્સ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં વધારો થાય છે, ત્યારે ડિજિટલ ફ્રોડ સામે રક્ષણની જરૂરિયાત પણ ઘણી વધી જાય છે. શ્રી અમિતશાહે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માંદેશની માત્ર ૬૦૦ પંચાયતો ઈન્ટરનેટ સાથે જોડાય લી હતી, ત્યારે અત્યારે ૨,૧૩,૦૦૦પંચાયતો ઈન્ટરનેટ સાથે જોડાયેલીછે. તેમણે જણાવ્યું હતું કે, ડિજિટલ ટ્રાન્ઝેક્શન અને ડિજિટલ ડેટાનો ઉપયોગ વધવાની સાથે સાયબર ફ્રોડથી તેને સુરક્ષિત રાખવાની જવાબદારી પણ વધી છે. તેમણે કહ્યુંહતું કેસાયબર ગુનેગારો દ્વારા મહત્વપૂર્ણ વ્યક્તિગત ડેટાનું વેચાણ, ઓનલાઈન સત્તામણી, મહિલાઓ અને બાળકો સાથે દુર્વ્યવહાર, ફેક ન્યુઝ અને ડ્રગ ફ્રિટ, ખોટી માહિતી અભિયાનો જે વા ઘણા પડકારોનો આપણે સામનો કરી રહ્યા છીએ અને આજે પણ, આપણેતેમની સાથેવ્યવહાર કરવા માટે ઘણુંકરવાની જરૂરછે. કેન્દ્રીય ગૃહ મંત્રી કહ્યુંકે ત્રણ નવા ફોજદારી કાયદાઓ - ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ) અને ભારતીય શક્તિ અધિનિયમ (બીએસએ) માં આપણા દેશને સાયબર સુરક્ષિત બનાવવા માટે, તમામ કાનૂની વ્યવસ્થાકરવામાં આવીછે. તેમણે કહ્યું હતું કે, ટેકનોલોજીથી ચાલતી અનેક પહેલો મારફતે તેમને કાયદાકીયસ્વરૂપઆપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે તપાસ વૈજ્ઞાનિક પદ્ધતિઓ પર આધારિત છે અને તપાસની ગુણવત્તામાંસુધારો કરવા માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, I4C એ ગૃહ મંત્રાલયના સત્તાવાર હિસ્સો બન્યા પછી એક વર્ષનાં ટૂંકા ગાળામાંઅને ૯ વર્ષની પોતાની સફરમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે.તેમણે કહ્યુંકે આઈ૪સીની સૌથી મોટી ઉપલબ્ધિ ૧૯૩૦નો રાષ્ટ્રીય હેલ્પલાઈન નંબર છે અને તેને લોકપ્રિય બનાવવાની જવાબદારી તમામરાજ્ય સરકારો અને હિતધારકોનીછે. ગૃહ પ્રધાને ૧૯૩૦નીહેલ્પલાઈનને લોકપ્રિય બનાવવા માટે જાગૃતિ ખખવાડિયાનું આયોજન કરવાનુ સૂચન કર્યું હતુ. તેમણે કહ્યુંકે તમામરાજ્ય સરકારો અનેગૃહ મંત્રાલયે પહેલ કરવી જોઈએ અને છ મહિના પછી જાગૃતિ ખખવાડિયાનું આયોજન કરવુંજોઈએ. શ્રી શાહેજણાવ્યું હતું કે,જો ૧૯૩૦નો લોકપ્રિય બનાવવાનું અભિયાન તમામ પ્લેટફોર્મ પર એક સાથે ચલાવવામાં આવે તો ચોક્કસપણે છેતરપિંડીનો ભોગ બનેલા લોકોસલામતીનો અનુભવ કરશે, તેનતાત્કાલિક અટકાવવામાં આવશે અને છેતરપિંડી કરનારાઓનાં મનમાં ભય પણ ઊભો થશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં I4C એ ૬૦૦થી વધારે સૂલાહ કારો બહાર પાડ્યાં છે, વિવિધ પ્રકારની વેબસાઈટ, સોશિયલ મીડિયાપૃષ્ઠો, મોબાઈલ એપ્સ અને સાયબર અપરાધીઓ દ્વારા સંચાલિતએકાઉન્ટ્સને બ્લોક કર્યાં છે. તેમણે કહ્યું કે આઈ૪સી હેઠળ દિલ્હીમાં નેશનલ સાયબર ફોરેન્સિક લેબોરેટરીપણ સ્થાપવામાં આવીછે. શ્રીશાહે જણાવ્યુંહતુ કે, અત્યાર સુધીમાં ૧૧૦૦થી વધારે અધિકારીઓને સાયબર ફોરેન્સિકની તાલીમ આપવામાં આવી છે તથા આ અભિયાનને જિલ્લાઓ અને તાલુકાઓ સુધી પહોંચાડવાનો આ અમારો અતિ મહત્ત્વપૂર્ણ અને મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે સાયબર ક્રાઈમની કચિયાદોને ધ્યાનમાં રાખીનેમંતાલ, જામતારા, અમદાવાદ,હૈદરાબાદ, ચંદીગઢ, વિશાખાપટ્ટનમ અને ગુવાહાટીમાં ૭ જોઈન્ટ સાયબર કોઓર્ડિનેશન ટીમબનાવવામાંઆવી છેઅને ત્યા ઘણા સારા પરિણામ મળ્યા છે. તેમણેકહ્યુંકેઆઈટીસીએ સાયબર દોસ્ત હેઠળ વિવિધ સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર અસરકારક જાગૃતિ અભિયાન પણ શરૂકર્યું છે. શ્રી શાહે જણાવ્યું હતુ કે, આ તમામ પ્રયાસો સાથે આપણે ચોક્કસ પણે એક મુકામ પર પહોંચ્યા છીએ, પણ અમારા લક્ષ્યાંકો હજુ ઘણા દૂર છે. તેમણે કહ્યું કે લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આપણે ચોક્કસરણનીતિબનાવવી પડશે અને એક જ દિશામાં સાથે મળીને આગળ વધવુ પડશે.

સાયબર ફ્રોડ મિટિગેશન સેન્ટર (સીએફએમસી):

નવી દિલ્હીમાં ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (૧૪સી) માં સીએફએમસીનીસ્થાપનાકરવામાં આવી છે, જેમાં મોટી બેંકો, ફાઈનાન્સિયલ ઈન્ટરમિડિયરીઝ, પેમેન્ટ એગ્રિગેટર્સ, ટેલિકોમસર્વિસ પ્રોવાઈડર્સ, આઈટી ઈન્ટરમિડિયરીઝ અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના કાયદા અમલીકરણ એજન્સીઓ (એલઈએ)નાપ્રતિનિધિઓસામેલ છે. તેઓ ઓનલાઈન નાણાકીય ગુનાઓનો સામનો કરવા માટે તાત્કાલિક કાર્યવાહીઅને એકીકૃત સહકાર માટે સાથે મળીને કામ કરશે. સીએફએમસી કાયદાના અમલીકરણ માં "સહકારી સંઘવાદ"ના ઉદાહરણ તરીકે કામ કરશે.

સમન્વય પ્લેટફોર્મ (જોઈન્ટ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ફેસિલિટેશન સિસ્ટમ):

આ પ્લેટફોર્મ વેબ-આધારિત મોડ્યુલ છે, જે દેશભરમાં કાયદા અમલીકરણ એજન્સીઓ માટેસાયબર ક્રાઈમ, ડેટા શેરિંગ, ક્રાઈમ મેપિંગ, ડેટા એનાલિટિક્સ, સહકાર અને સંકલન પ્લેટફોર્મના ડેટા રિપોઝિટરી માટે વન સ્ટોપ પોર્ટલ તરીકેકામ કરશે.

'સાયબર કમાન્ડોઝ' કાર્યક્રમ:

આ કાર્યક્રમઅંતર્ગતદેશમાં સાયબર સુરક્ષાનાં જોખમોનો સામનો કરવા માટે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય પોલીસ સંસ્થાઓ (સીપીઓ)માં પ્રશિક્ષિત 'સાયબર કમાન્ડો'ની વિશેષ પાંખની સ્થાપના કર વામાં આવશે. પ્રશિક્ષિતસાયબર કમાન્ડો રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશો અને કેન્દ્રીય એજન્સીઓને ડિજિટલ સ્પેસને સુરક્ષિત કરવામાં મદદ કરશે.

શંકાસ્પદ રજિસ્ટ્રી:

આ પહેલના ભાગરૂપે, નાણાકીય ઠેકાસિસ્ટ મની છેતરપિંડીના જોખમ વ્યવસ્થાપન ક્ષમતાઓને મજબૂત કરવા માટે બેંકો અનેનાણાકીય વચ્ચેદ્યાઓના સહયોગથી, નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (એનસીઆરપી) પર આધારિત વિવિધઓળખકર્તાઓની શંકાસ્પદ રજિસ્ટ્રી બનાવવામાં આવી રહી છે.

કોઈ એક સંસ્થા કે સંસ્થા સાયબર સ્પેસને સુરક્ષિત કરી શકતી નથી, તમામ સ્ટેકહોલ્ડર્સે એક પ્લેટફોર્મ પર ભેગા થઈને આ હેતુ માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે

ત્રણ નવા ગુનાહિત કાયદામાં દેશને સાયબર સિક્યોર બનાવવા માટે તમામ કાયદાકીય વ્યવસ્થા કરવામાં આવી છે

કેન્દ્રીય ગૃહ મંત્રીએ સાયબર ફ્રોડ મિટિગેશન સેન્ટર (સીએફએમસી)નું લોકાર્પણ કર્યું, સમન્વય પ્લેટફોર્મ (જોઈન્ટ સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ફેસિલિટેશન સિસ્ટમ), 'સાયબર કમાન્ડોઝ' પ્રોગ

રાષ્ટ્રીય સ્તરે શંકાસ્પદ રજિસ્ટ્રી બનાવવી અને રાજ્યોને તેની સાથે જોડવાથી સાયબર ક્રાઈમ રોકવામાં મદદ મળશે

કમલમ્ ન્યુઝ,

દિવ્યાંગ બાળકોની દિલ્હી ખાતે આયોજિત બોલિંગ ગેમની નેશનલ ચેમ્પિયનશિપ ગેમમાં ગુજરાતની મેલ અને ફીમેલ ટીમે ભાગ લીધો હતો. જે પૈકી વ્યક્તિગત ગેમમાં ગુજરાતની ટીમે બીજા ક્રમે સિલ્વર મેડલ અને મિક્સ ગેમમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યું. ફિમેલ ગેમમાં ગાંધીનગર જિલ્લાની દીકરી શ્રદ્ધા પણ પસંદગી પામી હતી. માણસા ખાતે માણસા વિદ્યાનગર ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ દ્વારા કોચ આશાબા ગોહિલ અને દીકરી શ્રદ્ધાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતું.

કમલમ્ ન્યુઝ,

અંબાજી પગપાળા જતા માઇભક્તોને સગવડ મળી રહે તે હેતુસર શ્રી જય અંબે સેવા ટ્રસ્ટ- આમજા દ્વારા આયોજિત કેમ્પમાં અંબે માં ની આસ્થી ઉતારી ધન્યતા અનુભવતા માણસા વિદ્યાનગર ધારાસભ્યશ્રી જે.એસ. પટેલ.

કમલમ્ ન્યુઝ,

"ભારતનું ગર્વ, ભારતીયતાનું ગૌરવ અને રાષ્ટ્રનું નવું સંસદ ભવન" જ્યાં ભારતનો ધ્વજકાર છે, રાષ્ટ્રીયતાનો ઘડકાર છે અને માં ભારતીનો જય જય કાર છે એવા નવું સંસદ ભવન,. દિલ્હીની મુલાકાત યાદગાર બની રહી. વિકસિત ભારતના સંકલ્પ સાથે નવી પેઢીના સપનાનું નૂતન ભારતના નિર્માણ માટે કાર્યરત એવી નવીસાંસદ ભવનમાંમાન. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રીશ્રી કિરેન રિજીજુ ની માન. કેબિનેટે મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતસાહબે શુભેચ્છા મુલાકાત લીધી આદરણીય ઘરશ્વી વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના કુશળ નેતૃત્વમાં આઝાદીના અમૃતકાળમાં ગુલામીના દરેક નિશાન મિટાવી નવા યુગના વધામણા કરતું "નવી સંસદ ભવન" નવભારતના સ્વર્ણિમ ઇતિહાસની એક નવી શરૂઆતછે.

તંત્રી સ્થાનેથી.....

સંરક્ષણ સચિવ શ્રીગિરધર અરમાને ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ ભારત-ફિલિપાઈન્સ સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિ (જ્ઞ્ઝઝ)ની પાંચમી બેઠકની સહ-અધ્યક્ષતા કરવા માટે મનીલાની મુલાકાત લેશે. આ બેઠકની સહ-અધ્યક્ષતા ફિલિપાઈન્સ નારાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અન્ડર સેક્રેટરી શ્રી ઈરીનો કુઝ એસ્પિનો કરશે. આ યાત્રા દરમિયાન સંરક્ષણ સચિવ બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરશે. તેઓ ફિલિપાઈન્સ સરકારના અન્ય મહાનુભાવો સાથેપણ મુલાકાત કરશે. ભારત અને ફિલિપાઈન્સ રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષ અને ભારતનીએક્ટ ઈસ્ટ પૉલિસીના ૧૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છે ત્યારે આ મુલાકાત મહત્ત્વપૂર્ણ છે. બંને દેશો વચ્ચે મજબૂત અને બહુપક્ષીય સંબંધો છે જે સંરક્ષણ અને સુરક્ષા સહિત અનેક વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વિસ્તર્યાં છે. તેઓસંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતાના લક્ષ્યને હાંસલ કરવામાટે એકબીજાનેસમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે. જ્ઞ્ઝીસીસીની સ્થાપના ૨૦૦૬માં બંને દેશો વચ્ચે સંરક્ષણ સહકારપર હસ્તાક્ષર કરાયી સમજૂતીના મેમોરેન્ડમના ઠાવર માં કરવામાં આવી છે. જ્ઞ્ઝઝ મીટિંગની ચોથી આવૃત્તિ માર્ચ ૨૦૨૩માં નવી દિલ્હીમાં સંયુક્ત સચિવ સ્તરે યોજાઈ હતી. પાંચમી આવૃત્તિ સહ-અધ્યક્ષની સચિવ-સ્તર સુધીની ઉન્નતિને દર્શાવે છે.

ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૯ વર્ષોમાં કુલ ૧૪ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ રાજ્યમાં ૮.૬૮ લાખથી વધુ આવાસો જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ૫.૫૭ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય સંપન્ન

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રાજ્યમાં નિર્મિત કુલ મકાનોના ૬૪%થી વધુ મકાનો મહિલાઓના નામે અથવા સંયુક્ત માલિકીના

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

"મારું મકાન કાચું, માટીનું હતું. વરસાદના દિવસોમાં મકાનની છતમાંથી પાણી પડતું હતું. દિવસ-રાત હું અને મારો પરિવાર એ ભયમાં જીવતા કે આ મકાન ગમે ત્યારે પૂડી જશે. મને મારા પરિવારની ખૂબ ચિંતા રહેતી. જોકે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મારું મકાન મંજૂર થયા બાદ મને પાકું ધાબાવાળું મકાન તેમજ અન્ય મૂળભૂત સુવિધાઓ પણ મળી છે. હવેહું અનેમારો પરિવાર ખૂબ ખુશ છીએ" આ શબ્દોછે ગાંધીનગરના માણસા તાલુકાના ખડાત ગામના રહેવાસી કિરણબેન રાઠોડના, જેમને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ તેમનાસપનાનું ઘર મળ્યું છે. દેશમાં કિરણબેન જેવા લાખો લોકો છે જેમના માટે પ્રધાનમંત્રી આવાસ યોજના વરદાન સાબિતથઈ છે. આનો શ્રેય આપણાં દૂરદેશી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને જાય છે, જેમણે વર્ષ ૨૦૧૫માં પ્રધાન મંત્રી આવાસ યોજના શરૂ કરી હતી અને તેના દ્વારા છેલ્લા ૯ વર્ષોમાં અનેક લોકોને આવાસની સુવિધા પૂરી પાડીને તેમના ચહેરા પર સ્મિત લાવ્યું છે.

ગુજરાતપ્રધાનમંત્રીઆવાસ યોજનાનાઅમલીકરણમાં અગ્રેસર

ભારત સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અસરકારક માર્ગદર્શન હેઠળ આર્થિક રીતે નબળા વર્ગને મકાનની મૂળભૂત સુવિધા મળે અને તેમના જીવન ધોરણ માં સુધારો થાય એ માટે ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસયોજના (શહેરી)શરૂ કરી હતી. તો ગ્રામીણ ક્ષેત્રોમાં પણ ઘરવિહોણા લોકોને પાકું મકાન મળે એ ઉદ્દેશથી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) ૨૦૧૬-૧૭માં અમલમાં મૂકવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમનેતૃત્વ હેઠળ ગુજરાતમાં આ યોજનાનાં સફળતાપૂર્વક અમલઘઈ રહ્યો છે. રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અત્યારસુધીમાં કુલ ૧૪.૨૫ લાખ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે, જેમાં શહેરી વિસ્તારમાં કુલ ૮.૬૮ લાખથી વધુ આવાસો જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ૫.૫૭ લાખથીવધુ આવાસોનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં નિર્મિત કુલ મકાનોના ૬૪%થી વધુ મકાનો મહિલાઓના નામે અથવા સંયુક્ત માલિકીનાછે. ઉલ્લેખનીય છે કે, આગામીસપ્તાહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે છે, અને તે દરમિયાન તેઓ ફરી એકવાર ગુજરાતના નાગરિકોને આવાસોનીભેટ આપવાજઈ રહ્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)

પ્રધાનમંત્રીઆવાસ યોજના (શહેરી)નો હેતુશહેરી વિસ્તારમાં ગરીબો અને મધ્યમ વર્ગના પરિવારોને પાયાની સુવિધાઓ સાથેનું પાકું આવાસઅપાજીબીકિંમતે પુરું પાડવાનો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાત રાજ્ય માટે કુલ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યક સામે કુલ ૮.૭૮ લાખ આવાસો મંજૂર કરવામાં આવ્યાછે. આમાંથ લાખ ૪૦ હજાર થી વધુ આવાસો મહિલાઓના નામે અથવા તો સંયુક્ત માલિકીના નામે મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર આવાસો પૈકી કુલ ૮.૬૮ લાખ જેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ક્રેડિટ લિંક સબસીડી ઘટક હેઠળ ૬ લાખથી પણ વધુ લાભાર્થીઓને તેમના પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ અપાવવામાં ગુજરાતદેશમાં અન્ય રાજ્યોનીસરખામણીમાંઅગ્રસ્થને છે. આઉપરાંત, કેન્દ્રસરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિસ (ARHCs) યોજનાહેઠળ શહેરી ગરીબો અને કામદારોને સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા માટે જાહેરાત કરવામાંઆવી હતી. આ જાહેરાત થયાના ત્રણ જ માસમાં ગુજરાતના સુરત શહેરના સુડા વિસ્તારમાં નિર્માણ થયેલ ૩૯૩ આવાસોને મોડેલ-૦૧ અંતર્ગત ભુ.રાના મકાનોમાં રૂપાંતરિત કરીને પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી –ઈક્વિયાના લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારતમાંથી ૧૦ રાજ્યોની પસંદગી કરવામાં આવી હતી, જે માંથી ગુજરાતના રાજકોટની પસંદગી કરવામાં આવી હતી. રાજકોટમાં સાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત મોનોલિથિક કોંક્રીટ કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઈઉજ્ઞ-૨ પ્રકારના૩૯.૭૭ ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા કુલ ૧૧૪૪ આવાસોનું નિર્માણ કરવામાંઆવ્યું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)

ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને પોતાના સપનાનું ઘર મળે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે એ ઉદ્દેશથી પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) ૨૦૧૬-૧૭થી અમલમાં મૂકવામાં આવી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં આજદિન સુધીમાં વિવિધ યોજનાઓ સાથે કન્વર્જન્સ કરી માળખાગત સુવિધાઓ સાથે ૫.૫૭.૩૫દથી વધુ આવાસોનું નિર્માણ કરવામાંઆવ્યું છે અને આ માટે ૬૯૮૬.૫૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ છેલ્લા ૧ વર્ષમાં કુલ ૧,૩૧,૦૦૦થી વધુ આવાસોનું નિર્માણ કરવામાંઆવ્યું છે.

પ્રધાનમંત્રીઆવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ૩.૩૭ લાખ (૬૩%) જેટલા આવાસો મહિલાઓના નામે અથવા તો સંયુક્ત માલિકીના નામે મંજૂર કરવામાં આવ્યા છે, જે વડપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના મહિલા સશક્તિકરણના વિઝનને અનુરૂપ છે. એટલું જ નહીં, આ યોજના હેઠળ અંદાજે ૩.૨૨ લાખ એટલે કે ૬૦% આવાસો અનુસુચિત જનજાતિ તથાઅનુસુચિત જાતિના લાભાર્થીઓને ફાળવવામાં આવ્યા છે.

આ ઉપરાંત, રાજ્ય સરકારની ૧૦૦% ફાળા યોજના હેઠળ મુખ્યમંત્રીપ્રોત્સાહક યોજના હેઠળ વધારાની પ્રોત્સાહક સહાય રૂપે ?૨૦,૦૦૦ની સહાય અલગથી ચૂકવવામાં આવે છે. જે અંતર્ગત આજદિન સુધી ૭૨,૦૦૦ જેટલા લાભાર્થીઓને ?૧૪૪ કરોડ જેટલી સહાય તથા બાથરૂમનું બાંધકામ પૂર્ણ થયા બાદ ?૫૦૦૦ની સહાય 'બાથરૂમ બાંધકામ સહાય'હેઠળ આપવામાં આવે છે, જે અંતર્ગત ૭૫૦૦૦ જેટલા લાભાર્થીઓને ?૩૭.૫૦ કરોડ જેટલી સહાય ચૂકવવામાં આવીછે.

પ્રધાનમંત્રીઆવાસ યોજના (શહેરી) માટે ગુજરાતને અત્યારસુધીમાં કુલ ૧૪ એવોર્ડ વર્ષ ૨૦૧૭માંકન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ક્રેડિટલિંક સબસીડી હેઠળ પ્રથમ સ્થાન એનાયત કરવામાંઆવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૮માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પીએમઆવાસ માટે ૩ એવોર્ડ આપવામાં આવ્યા હતા, તેમજ મ્ઝ ઘટક અંતર્ગત ગુજરાત રાજ્યના ૩ લાભાર્થીઓને બેસ્ટ હાઉસ કન્સ્ટ્રક્શન કેટેગરીમાંએવોર્ડ આપવામાં આવ્યાહતા. ત્યારબાદ, વર્ષ ૨૦૨૨માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) માટે ૭ વિવિધ કેટેગરીમાં એવોર્ડએનાયત કરવામાં આવ્યા હતા. આમ, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાતને અત્યારસુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા કુલ ૧૪ એવોર્ડસ એનાયત કરવામાંઆવ્યા છે.

ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) માટે ૧૪ અને PMAY (ગ્રામીણ) માટે ૩ એવોર્ડ

પ્રધાનમંત્રીઆવાસ યોજના (ગ્રામીણ) માટે ગુજરાતને ૩ એવોર્ડ ૨૦૧૮-૧૯માં ભારત સરકારના ગ્રામીણવિકાસ મંત્રાલય દ્વારા ઓવરઓલ પર્ફોર્મન્સ ઈન ઈમ્પ્લિમેન્ટેશન ઓફ "સ્છ ગ્રામીણ)નો એવોર્ડ પ્રથમ ક્રમે રહેલા ડાંગ જિલ્લાને આપવામાં આવ્યો હતો.

૨૦૧૯-૨૦માં પોરબંદર જિલ્લાના રાણાવાવતાલુકાને બીજા ક્રમનો બેસ્ટ પર્ફોર્મન્સ ઈન ઓવરઓલ પર્ફોર્મન્સ ઈન ઈમ્પ્લિમેન્ટેશન ઓફ "સ્છ ગ્રામીણ)નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. તો ૨૦૧૯-૨૦માં ખેડા જિલ્લાના કઠલાલના વિસ્તરણ અધિકારી શ્રીએ.કે.શ્રીમાળી અને સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના પદાધિકારી, સરપંચશ્રી શ્રીમતી સરલાબેન નિનામાને વ્યક્તિગત શ્રેષ્ઠ કામગીરીમાટેનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

કમલમ્ ન્યુઝ,

ભાષા સીતારામ આશ્રમ, ઘેધુ ચાર રસ્તા ખાતે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા પંચાયતના માર્ગદર્શનથી આયોજિત "આયુષ સેવ કેમ્પ (વિના મુલ્યે)"ના ઉદ્દઘાટન પ્રસંગે માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે.એસ. પટેલ ઉપસ્થિત. આજીજી પગપાળા ચાલતા જતા સર્વ માઇભક્તોના સ્વાસ્થ્ય ચેક-અપ માટે આ આદ્યર્વૈદિક કેમ્પ મદદરૂપ થશે.

એસ પી બી કોમર્સ કોલેજનું ગૌરવ

કમલમ્ ન્યુઝ,

સાર્વજનિક અંજયુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સનીપ્રથમ વર્ષ બી.કોમ.ની બે વિદ્યાર્થીનીઓ શાહ મૈત્રીદર્શન અને શાહ હીર દીપેશ તારણ લાલા કોલેજ ઓફ કોમર્સ અન્ડ મેનેજમેન્ટ, નવસારી દ્વારા આયોજીત આંતર-કોલેજ ટેક વોન્ડ્રી (મહિલા) ટુર્નામેન્ટમાં અનુક્રમે સિલ્વર મેડલ અને બ્રોન્ઝ મેડલ જીતી કોલેજને ગૌરવ અપાવ્યું છે. જેબદલ કોલેજનાઈ.ચા. આચાર્ય ડૉ. અશિષ પંડ્યા, સ્પોર્ટસ પ્રોફેસર ધનંજય યાદવ તેમજ સમગ્ર કોલેજ પરીવારે શુભેચ્છા પાઠવીલાગણીવ્યક્ત કરી.

શ્રી સરસ્વતી મહાવિદ્યાલયમાં ગણેશોત્સવનું આયોજન

કમલમ્ ન્યુઝ,

જયદીપશરદ મેમોરિયલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી સરસ્વતી મહાવિદ્યાલય માં ત્રિદિવસીય ગણેશોત્સવનું આયોજન કરવામા આવ્યું હતું.તારીખ ૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ કોલેજમાં ડીજેના તાલ સાથે ગણપતિ બાપ્પાનું ભાવભરેર આગમન કરવામાં આવ્યું.વિદ્યાર્થીઓ બાપ્પા ગીતો તથા ગરબાની ધૂન પર ઝૂમી ઊઠ્યા.ગણશજીની અપ્રતિમ પ્રતિમાનું વિધિવત શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે સ્થાપન કરવામાં આવ્યું. સર્વેજનોએ મહાવિદ્યાલય માં બિરાજેલશ્રીજીને ઉમળકાભેર વધાવી લીધા.ત્રણેય દિવસ બાપ્પાની સમયસર આરતી, થાળ તથા ભજન કીર્તન થયા.આ ઉત્સવ ભારતીય સંસ્કૃતિની અનોખી પહેચાન,સર્જન - વિસર્જન માહાત્મ્યનું દર્શન કરાવનાર તથા સહકારથી સિદ્ધિ જેવા ગુણોની વિદ્યાર્થીઓમાં ખીલવણી કરવામાં ઉપયુકત છે.જેમના સહદય સહયોગ વિના આ ભવ્ય ઉત્સવનું આયોજન સંભવ જ નથી એવા તાજના મોતી સમાન મહાવિદ્યાલયના ટ્રસ્ટી સુ શ્રી યોગિતા શારદાના નેજા હેઠળ આ અવસર અતિ રળીયામણો રહ્યો. સંપૂર્ણ ઉત્સવ સંવાદિતાપૂર્ણ રીતે ઉજવાય એ માટે શ્રીમતી શ્યામલી બરગલેનો મજબૂતટેકો રહ્યો.પ્રા. રિદ્ધિ સોલંકી, પ્રા. રશ્મિતા નાયક, પ્રા. આયુષપટેલ,કાર્યાલય અધિક્ષક શ્રી હીરાજ ચૌહાણ, શ્રીમતી અંજુ કુમાવત, સંદીપ ભાઈ તથા આયોજકનાકર વિદ્યાર્થીઓનુ અંતર્મનથી ઉમદા યોગદાન રહ્યું.આ ત્રણેય દિવસ દરમિયાન અખિલમહાવિદ્યાલયજનોએ સાથે મળીને બાપ્પાનીસ્વજનસમી સેવા કરી અને દરેકે તેમના આશીર્વાદ મેળવ્યા, બાપ્પાના આગમન થી જાણે સકારાત્મક ઊર્જા અને શક્તિનો સંચાર થયો. સમગ્ર વાતાવરણ પવિત્ર અને મંગલમય બની ગયું.૮મી સપ્ટેમ્બરને રવિવારે વિદ્યાર્થીઓએ સવારે અને સાંજે મહા આરતી કરી હતી.કેટલાક બાળકોએ દિવસ અને રાત કોલેજમાં રહીનેસાંસ્કૃતિક કાર્યક્મો કર્યાહતા.

તારીખ ૯ સપ્ટેમ્બર સોમવારના રોજ કોલેજમાં ગણપતિ મંડપમાં સારસ્વત શક્તિ ગ્રુપ અને કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ભજન કીર્તનનું આયોજન કરવામાંઆવ્યું હતું, જેમાં સર્વે શ્રદ્ધાપૂર્વક જોડાયા.મોદક અનુરાગી ગણપતિ બાપ્પાને મહાપ્રસાદ તરીકે પદ ભોગ ચઢાવવામાં આવ્યો સાથે મહા આરતીપણ કરવામાં આવી હતી.ત્યારબાદ યોગ્ય મુહૂર્ત પર સૌએ ભીની અને કરુણામય આંખડીએ વિનાયકનું વિસર્જન કર્યું. વિસર્જન બાદ જાણકોલેજમાં શાંતિ પ્રસરી ગઈ હતી.વિઘ્નહર્તાના આશીર્વાદ મહાવિદ્યાલય પર વરસતારહે એવીદાદાના ચરણોમાં અભ્યર્થના !

પ્રધાનમંત્રી ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ગાંધીનગર ખાતે ૪થા વૈશ્વિક રિ-ઇન્વેસ્ટનું ઉદ્દઘાટન કરશે: શ્રી પ્રહલાદ જોશી

નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE), GoI દ્વારા ૧૬-૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે ૪થી વૈશ્વિક રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટમેન્ટ મીટ એન્ડ એક્સ્પો (રી-ઇન્વેસ્ટ)નું આયોજન કરવામાં આવશે

રાજ્ય સરકારો પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્ર માટે તેમની યોજનાઓ/લક્ષ્યોનો ઉલ્લેખ કરીને શપથ-પત્રના રૂપમાં તેમની મક્કમ પ્રતિબદ્ધતાઓ આપશે: શ્રી પ્રહલાદ જોશી

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે, "નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય (એમએનઆરઈ) ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાતમાં ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જીઇન્વેસ્ટર્સમીટ એન્ડ એક્સ્પો (રિ-ઇન્વેસ્ટ ૨૦૨૪)નુંઆયોજન કરીરહ્યોછે." કેન્દ્રીય મંત્રીએઆજે ગાંધીનગરમાં મીડિયાને સંબોધતા માહિતી આપી હતી કે, ભારતનાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૬ સપ્ટેમ્બરનાં રોજ ઇન્વેસ્ટમેન્ટ મીટ અને એક્ઝિબિશનનું ઉદઘાટન કરશે. તેમણે એવી માહિતી પણ આપી હતી કે, આ સંમેલન અને વિચરણનાં સમાપન સત્રની અધ્યક્ષતા ભારતનાં માનનીય ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનકર કરશે. રિ-ઇન્વેસ્ટ ૨૦૨૪નાઉદેશ ઉત્પાદન અને વિકાસ સહિત પુનઃપ્રાપ્ય ઊર્જાનાંક્ષેત્રમાં ભારતની નોંધપાત્ર સિદ્ધિને પ્રદર્શિત કરવાનો છે. ભારત આગામી પેઢી માટે હરિયાળા ટકાઉ ભવિષ્યના નિર્માણનામહત્ત્વને ઓળખેછે અને તેના મૂળમાં મિશન ૫૦૦ ગીગાવોટ આવેલું છે, જે ૨૦૩૦ સુધીમાં ભારતનાંવીજ ઉત્પાદનમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના હિસ્સાના નોંધપાત્રહિસ્સાની કલ્પનાકરે છે. કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ માહિતીઆપીહતી કે, ઓસ્ટ્રેલિયા, ડેન્માર્ક, જર્મની અને નોર્વેચોથા રિ-ઇન્વેસ્ટ માટે ભાગીદાર દેશો છે. આંધ્રપ્રદેશ, ગુજરાત, મધ્ય પ્રદેશ, તેલંગાણા, રાજસ્થાન, કર્ણાટક અને ઉત્તરપ્રદેશ આ કાર્યક્રમમાં ભાગીદાર રાજ્યો છે. કેન્દ્રીય મંત્રી શ્રીપ્રહલાદ જોશીએવધુમાંજણાવ્યું હતું કે, "આ કાર્યક્રમમાં વિવિધ રાજ્ય સરકારો પણ શપથપત્ર સ્વરૂપેતેમની દ્રઢ કટિબદ્ધતાવ્યક્ત કરશે, જેમાં પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્ર માટે તેમની યોજનાઓ/લક્ષ્યોકો સ્પષ્ટકરવામાંઆવશે.તમામ મોટી બેંકો, નાણાકીય સંસ્થાઓ પણ શપથ પ્રાત્રાં પુનઃપ્રાપ્ય ઊર્જાક્ષેત્રમાં તેમની સુચિત લોન/ભંડોળ વિશે આપશે, આ ઉપરાંત શાપથપાત્રા ડેવલપર્સ, ઉત્પાદકો, ખાનગી ઈક્વિટી રોકાણકારો, ટોચના વિકેત્રાઓ દ્વારા પણ આપવામાં આવશે."આ કાર્યક્રમમાં ઓસ્ટ્રેલિયા, ડેન્માર્ક, જર્મની, નોર્વે, સિંગાપોર, હોંગકોંગ, યુએસએ, યુકે, બેલ્જિયમ, યુરોપિયન યુનિયન, ઓમાન, યુએઈ અને અન્ય ઘણા દેશોના પ્રતિનિધિમંડળોની અપેક્ષા છે. આ કાર્યક્રમમાં નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગો, નાણાકીયસંસ્થાઓ વગેરે સામેલ હશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, જર્મન અને ડેનિશ પ્રતિનિધિમંડળોનું નેતૃત્વ તેમના મંત્રીઓ કરશે. આ કાર્યક્રમમાં પુનઃપ્રાપ્યઊર્જા, આરઈસેક્ટર માટે નવીન ફાઇનાન્સિંગ, ગ્રીન હાઈડ્રોજન, ભવિષ્યમાં ઊર્જાની પસંદગી, ક્ષમતા નિર્માણ અને અક્ષય સાથે સંબંધિત ઉત્પાદકો, ડેવલપર્સ, રોકાણકારો અને ઈનોવેટર્સનાં પ્રદર્શન પર અઢી દિવસ સુધી ચાલશે. શ્રી પ્રહલાદ જોશીએ એવી પણ માહિતી આપી હતી કે, આ સંમેલનમાં ૧૦,૦૦૦થી વધારે પ્રતિનિધિઓ ભાગ લે તેવીઅપેક્ષા છે. તેમાં ૪૪ સત્રોનું આયોજન કરવામાંઆવશે, જેમાં મુખ્ય મંત્રીસ્તરીય પૂર્ણ સત્ર, એક સ્ટીઓ ગોળમેજી પરિષદ અને કેટલાક રાજ્ય, દેશ અને ટેકનિકલ સત્રો સામેલ છે. આ ઉપરાંત એનર્જી ટ્રાન્ઝિશનને વેગ આપવા માટે વુમન એઝ લીડર્સ: ચેલેન્જિસ અન્ડ ઓપર્ચ્યુનિટીઝ અને સ્ટાર્ટ-અપ્સ પર વિશેષ સત્ર, જેમાં ૧૦ સોલાર એક્સ્ટ્રા ચેલેન્જ ઈન્ડિયા વિજ્ઞાનો રોકાણ માટે તૈયાર થશે, તે કોન્ફરન્સમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે. આ કોન્ફરન્સ ઉપસ્તંભભારત સરકારના નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય, યજમાન રાજ્ય ગુજરાત જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ, સ્ટાર્ટઅપ્સવગેરે સહિત વિવિધરાજ્ય સરકારોદ્વારા પ્રદર્શન યોજાશે. રિ-ઈન્વેસ્ટ ૨૦૨૪ મોટી સંખ્યામાં બીટુબી, બીટુજી અને જીટુજી બેઠકોની તક સાથે આરઈ ક્ષેત્રમાં રોકાણ વધારવામાં મદદ કરશે. રિ-ઈન્વેસ્ટ ૨૦૨૪ માટે બી ટુબી ક્રિયાપ્રતિક્રિયા માટેની સુવિધા સમર્પિત બીટુબી ડિજિટલ પ્લેટફોર્મ મારફતે પ્રદાન કરવામાં આવી રહી છે, જે રિ-ઈન્વેસ્ટ સત્તાવાર વેબસાઈટ https://re-invest.in/ પર એક્સેસકરી શકાય છે. રિ-ઈન્વેસ્ટ દરમિયાન પુનઃપ્રાપ્ય ઊર્જાનાતમામપાસાઓ પર મલ્ટિમીડિયા ક્વિઝ પણ પૂર્ણ કરવામાં આવશે. ક્વિઝનો પ્રારંભિક રાઉન્ડ ઓગસ્ટ ૨૦૨૪ માં યોજાયો હતો. ભારત અને વિદેશ બંને માંથી ઉદ્યોગની વિશાળ ભાગીદારી હશે. કન્ફરન્સ ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી રિ-ઈન્વેસ્ટ ૨૦૨૪ માટે ઔદ્યોગિક ભાગીદાર છે. રિ-ઈન્વેસ્ટનો મજબૂત વારસો છે. પ્રથમ સંસ્કરણનું આયોજન કેબ્રુઆરી ૨૦૧૫ માં નવી દિલ્હીમાંકરવામાં આવ્યું હતું. બીજું દિલ્હીએનસીઆરમાં ઓકટોબર ૨૦૧૮ માં અને ત્રીજી આવૃત્તિ કોવિડ -૧૯ અવરોધોને કારણે નવેમ્બર ૨૦૨૦ માં વર્ચુઅલ પ્લેટફોર્મ પર યોજવામાં આવી હતી. રેનવેસ્ટની દરેક આવૃત્તિમાં મોટી સંખ્યામાંસહભાગીઓ જોવા મળે છે, જે માં આંતરરાષ્ટ્રીય ઉપસ્થિતોનો પણ સમાવેશથાય છે. અગાઉની તમામ આવૃત્તિઓનું ઉદઘાટન ભારતનાં માનનીય પ્રધાનમંત્રીએ કર્યું હતું. અત્યારે ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટની બિન-અશ્મિભૂત વીજળીની ક્ષમતા હાંસલ કરવાનાં માર્ગે અગ્રેસર છે. તે વિશ્વના સૌથી આકર્ષક, પુનઃપ્રાપ્ય ઊર્જા બજારો માંના એક તરીકે ઉભરી આવ્યું છે. પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં ભારત વૈશ્વિક સ્તરે ચોથા ક્રમ છે. પીએલઆઈ યોજના મારફતે ઉત્પાદનને વેગ આપીને સક્રિય નીતિગત ટેકો પૂરો પાડે છે, ઓટોમેટિક રૂટ હેઠળ ૧૦૦ ટકાપ્રત્યક્ષ વિદેશીરોકાણને મંજૂરી આપે છે, આઈએસટીએસ પુનઃપ્રાપ્ય ઊર્જા ખરીદીમાટે માફી, ગ્રીન એનર્જી કોરિડોર, ઓફશોર વિન્ડપ્રોજેક્ટ્સ માટે વીજઅંકેક અને હાઈડ્રોજન અને ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન પ્રોજેક્ટ્સમાટે નાણાકીય સહાય માટે માફી આપેછે. ભારતે ખેડૂતો અને ઘરોને લાભ આપવા માટે પ્રધાનમંત્રી કુસુમ અને પ્રધાનમંત્રીસૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના જેવીઅભૂતપૂર્વયોજનાઓ શરૂ કરી છે. ભારતનું લક્ષ્ય આગામી ૫ દાયકા વર્ષોમાં નવીનીકરણીય ઊર્જાની ક્ષમતામાં વધારાને વેગ આપવાનું છે. રિ-ઈન્વેસ્ટ આ પ્રયાસોમાંપ્રદાન કરશે અને વૈશ્વિક રોકાણ સમુદાયને તમામ ભારતીય પુનઃપ્રાપ્ય ઊર્જાનાં હિતધારકો સાથે જોડશે.

અમદાવાદ ખાતે નિર્માણધિન થઈ રહેલ અદ્યતન દલિત સમાજના શૈક્ષણિક સંકુલના વિકાસ માટે ૫૦ લાખ રૂપિયાનું અનુદાન અપાવતા પૂર્વ સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

દલિતસમાજના વયોવૃદ્ધ વ્યક્તિઓકે જેમને લાકડીના ટેકે પોતાની દૈનિક દિનચર્યાકરવાની હોય છે તેવા સમયે અનુસુચિત જાતિ સમાજના નિવૃત કર્મચારીઓ,છૂટક દૈનિક મજૂરી કરતાંનાના કામદારો એવા સિનિયર સિટીઝનો એ સર્વ પ્રથમ સ્વયં વ્યક્તિગતધોરણે આર્થિક ક્ષણે એકત્રિત કરીને સમગ્ર ગુજરાતના ગરીબ ઘરના બાળકોના શ

જીએસટી પરિષદની ૫૪મી બેઠક નવી દિલ્હીમાં કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોનાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં યોજાઈ હતી

GST કાઉન્સિલ સરકારી એન્ટિટી દ્વારા સંશોધન અને વિકાસ સેવાઓના પુરવઠાને મુક્તિ આપવાની ભલામણ કરે છે; અથવા સંશોધન એસોસિએશન, યુનિવર્સિટી, કોલેજ અથવા અન્ય સંસ્થાએ સરકારી અથવા ખાનગી અનુદાનનો ઉપયોગ કરીને આવકવેરા કાયદાના ૩૫ હેઠળ સૂચિત કર્યું

આ બેઠકમાં ગોવા અને મેઘાલયનાં મુખ્યમંત્રીઓનાં કેન્દ્રીય નાણાં રાજ્ય મંત્રી શ્રી પંકજ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યાં હતાં. અરુણાચલ પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ અને તેલંગાણાના નાયબ મુખ્યમંત્રીઓ; આ ઉપરાંત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણાં મંત્રીઓ (વિધાનસભા સાથે) તથા નાણાં મંત્રાલય અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.

GST કાઉન્સિલે જીવન અને આરોગ્ય વીમા સંબંધિત GST પર પ્રધાનોના જૂથ (GoM) ને દર તર્કસંગતતા પર હાલના GoM સાથે ભલામણ કરી છે; ઓક્ટોબર ૨૦૨૪ના અંત સુધીમાં રિપોર્ટ સબમિટ કરાશે

કમલમ્ ન્યુઝ,

જીએસટી પરિષદની ૫૪મી બેઠક આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોનાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠક માં ગોવા અને મેઘાલયના મુખ્ય મંત્રીઓનાં કેન્દ્રીય નાણાં રાજ્ય મંત્રી શ્રીપંકજ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.અરુણાચલપ્રદેશ,બિહાર, મધ્યપ્રદેશઅનેતેલંગણાના નાયબ મુખ્યમંત્રીઓ; આ ઉપરાંત રાજ્યો અનેકેન્દ્રશાસિત પ્રદેશોના નાણાં મંત્રીઓ (વિધાનસભા સાથે) તથા નાણાં મંત્રાલય અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે. જીએસટી કાઉન્સિલે અન્ય બાબતોની સાથે સાથે જીએસટી કરવેરાનાં દરોમાં ફેરફાર, વ્યક્તિઓને રાહત, વેપારને સરળ બનાવવા માટેનાં પગલાં અને જીએસટીમાં અનુપાલનને સુલ્યવસ્થિત કરવાનાં પગલાં સાથે સંબંધિત નીચેની ભલામણો કરી હતી.

જીએસટીનાદરોમાં ફેરફારો/સ્પષ્તાઓકસ્પેશન દરોમાં:

GOODS

૧. નમકીન-સઅને બહિષ્કૃત/વિસ્તૃત સેવરીખાદ્ય ઉત્પાદનો એક્સટ્રુડ અથવા વિસ્તૃત ઉત્પાદનો, સ્વાદિષ્ટ અથવા મીઠાવાળા (જેનું ઉત્પાદન કરવામાં આવ ઉં તે સિવાય-ની, જે પણ નામ વગરના અથવા રાંધેલાનાસ્તાની ગોળીઓસિવાયની, એક્સટ્રુઝનપ્રક્રિયા દ્વારા ઉત્પાદિત કરવામાંઆવે છે),,એચએસ ૧૯૦૫૯૦૩૦ઇંડા આવતા, નમકીન્સ, ભુજિયા, મિશ્રણ, ચાબેના(પ્રિ-પેકેજ્ડ અનેલેબલવાળા) અને વપરાશ માટે તૈયાર ફોર્મમાં તૈયાર ખાદ્ય પદાર્થોકે જેએચએસ ૨૧૦૬૯૦ હેઠળ વર્ગીકૃત કરવામાં આવે છે તેની સમકક્ષ ૧૨% થી ઘટાડીને ૧૨% કરવામાં આવશે. ૫ ટકાનો જીએસટી દર તળેલા અથવા રાંધ્યા વગરનાનાસ્તાની ગોળીઓપર ચાલુરહેશે,જે કોઈપણ નામથી ઓળખાય છે, જે બહાર ફાઢવાનીપ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેછે. એપણ સ્પષ્ટ કરવા માટે કેએચએસ ૧૯૦૫૯૦ ૩૦૬૬૦ આનાબહિષ્કૃત અથવા વિસ્તૃત ઉત્પાદનો, સ્વાદિષ્ટ અથવા મીઠાવાળા (તળેલા અથવા રાંધ્યા વગરના નાસ્તાની ગોળીઓ સિવાય, જેનું ઉત્પાદન કરવામાં આવેછે, જે કોઈ પણ નામથીઓળખાય છે, બહાર કાઢવાની પ્રક્રિયાદ્વારા ઉત્પાદિત) પર ૧૨ ટકાનો જીએસટીદર ૧૨% નોઘટાડેલો જીએસટીદર સંભવિત રીતે લાગુપડે છે.

૨.કેન્સલી ઘ્યાબો

કેન્સલીદેવાઅો એટલેકે ટ્રસ્ટ્ઝુમાબ ડર્ક્સટેકન , ઓસિમર્ટીનીબ અને ઈવ્રોલુમાબ પર જીએસટીદર ૧૨ ટકાથીઘટાડીને ૫ટકા કરવામાં આવશે.

૩.ધાતુનો ભંગાર

નોંધાયેલવ્યક્તિ દ્વારા નોંધાયેલ વ્યક્તિ દ્વારા મેટલસ્ક્રેપના સપ્લાય પર રિવર્સ ચાર્જ મિકેનિઝમ (આરસીએમ) રજૂ કરવામાંઆવશે, જો કે સપ્લાયરે નોંધણી શ્રેણીહેઠ મર્યાદાને ઓળંગી જાય ત્યારે નોંધણી લેવાની રહેશે અને આરસીએમ હેઠળચૂકવણી કરવામાટે જવાબદાર હોય તેવા પ્રાપ્તકર્તાએ સપ્લાયર શ્રેણીહેઠળ હોય તો પણ વેરો ભરવાનો રહેશે. બીીથીબી સપ્લાયમાંરજિસ્ટર્ડ વ્યક્તિદ્વારા મેટલસ્ક્રેપના સપ્લાય પર ૨ ટકા ટીડીએસ લાગુ પડશે.

૪. રેલવે માટે રૂફ માઉન્ટેડ પેકેજયુનિટ (આરએમપીયુ) એર કન્ડિશનિંગ મશીન્સ

સ્પષ્ટ કરવા માટે કે રેલવે માટે રૂફ માઉન્ટેડ પેકેજ યુનિટ (આરએમપીયુ)એર કન્ડિશનિંગમશીન્સ એચએસએન ૮૪૧૫હેઠળ વર્ગીકૃત કરવામાંઆવ્યાં, જે ૨૮ ટકાનાજીએસટીદરને આકર્ષિત કરશે.. કાર અને મોટરસાયકલ બેઠકો

સ્પષ્ટકરવામાટે કારનીબેઠકો ૯૪૦૧ હેઠળ વર્ગીકૃતકરી શકાય તેવી છે અને તેના પર ૧૮% નો જીએસટીદર લાગે છે. ૯૪૦૧ હેઠળ વર્ગીકૃત કરવામાં આવેલી કારની બેઠકો પર જીએસટી દર ૧૮ ટકાથી વધારીને ૨૮ટકાકરવામાંઆવશે, ૨૮ ટકાનો આએકસમાન દર મોટર કારની કાર બેઠકો માટે લાગુ પડશે, જેથી મોટરસાઇકલની બેઠકો સાથે સમાનતા લાવી શકાય, જેના પર પહેલેથી જ ૨૮ ટકાનો જીએસટી દર લાગુપડે છે.

સેવાઓ

